વડીલોને વંદન અભિનંદન

ખુશાલભાઈ એ. પરમાર
(૧૯૩૪)મો.૯૪૨૬૨૭૨૩૦૨

મંગળભાઈ છગનલાલ નાયક
(૧૯૩૯)ફોન: ૨૩૨૩૫૧૫૩

ઈન્દિરાબેન જે. ઠેકડી
(૧૯૫૧)ફોન: ૨૩૨૨૭૫૬૫

૫૦ લાખની ચોરી કરનારા બે શખ્સોની અંતે ધરપકડ

આંગડિયા પેઢીના કર્મચારીના ૫૦ લાખની ચોરી કરાઈ હતી : ઝડપાયેલા બંને શખ્સોની પોલીસ દ્વારા પુછપરછ

અમદાવાદ, તા.૨૬

રિક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી આંગડીયા પેઢીના કર્મચારીના ૫૦ લાખની ચોરી કરનારા બે રિઢા ગુનેગારોની અંતે અમદાવાદ ક્રાઈમબ્રાંચે ધરપકડ કરી છે. સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, ગત ત્રીજી ફેબ્રુઆરીના રાત્રીના સમયે આંગડીયા પેઢીના કર્મચારી પોતાની સાથે ૫૦ લાખ રોકડ લઈને રિક્ષામાં બેસીને ઈન્કમટેક્ષથી નહેરૂબ્રીજ જઈ રહ્યા હતા તે દરમ્યાન રિક્ષામાં બેઠેલા અન્ય પેસેન્જરોએ આંગડિયા પેઢીના કર્મચારીના થેલામાંથી ૫૦ લાખની રોકડ મતા કાઢી લઈ થેલામાં જેકેટ તથા બુટ મુકી દીધા હતા. આ વાતથી અજાણ આંગડિયા પેઢીના કર્મચારીને રિક્ષાચાલકે રિક્ષા બગડી ગઈ હોવાનું કહીને ઉતારી મુક્યા હતા. બાદમાં પોતાના થેલામાં ૫૦ લાખની ચોરી થઈ હોવાની જાણ થતાં કર્મચારીઆ અંગેની ફરીયાદ નવરંગપુરા પોલીસ મથકમાં નોંધાવી હતી. પોલીસને આ મામલાની તપાસ હાથ ધરતા સબ્બીર હુસૈન મનસુરીની ગેંગનો હાથ હોવાનું જાણવા મળતા પોલીસે તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા ત્યારે ગેંગના બે સાગરીતો પકડાય ગયા હતા. જો કે આ મામલાનો મુખ્ય સુત્રધાર સબ્બીર હુસૈન તથા તેનો રાઈટ હેન્ડ રાજા સીંધી વોન્ટેડ હતા ત્યારે અમદાવાદ ક્રાઈમબ્રાન્ચના પોલીસ અધિકારીને બાતમી મળતા વોચ ગોઠવીને ઈન્દીરાબ્રીજ સર્કલથી વોન્ટેડ આરોપી સબ્બીર હુસૈન મનસુરી તથા રાજેશ ઉર્ફે રાજા ખુશીરામ સીંધીને મોડી રાત્રે પકડી પાડવામાં આવ્યા હતા. પકડાયેલ આરોપી સબ્બીર હુસૈન રાણીપ પોલીસ મથકના લૂંટના ગુનામાં વોન્ટેડ હતો તેમજ અગાઉ ઘણા વખત પેસેન્જરોને રિક્ષામાં બેસાડી તેઓના થેલામાંથી કિંમતી માલ સામાનની ચોરી કરવાના ગુનામાં તેની ગેંગના સભ્યો સાથે પકડાય ચુક્યો છે. આ રિઢા ગુનેગારો પકડાતા બીજા ઘણા ગુનાઓનો ભેદ ઉકેલાયે તવી સંભાવના છે.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા કલેક્ટરશ્રી એચ એન ઠકકરે જણાવ્યું હતું કે, ચૂંટણીની કામગીરીમાં દરેક -કારની બાબતો સ્વયં સ્પષ્ટ હોય છે. ચૂંટણીલક્ષી દરેક -કારની કામગીરી સમય મર્યાદામાં હાથ ધરીને તેના નિર્ધારિત સમયપત્રક મુજબ પૂર્ણ કરવાની હોય છે, ત્યારે તેને લક્ષમાં લઈ તાલીમ કામગીરી સહિત ચૂંટણી -ક્રિયા સાથે સંકળાયેલા તમામ અધિકારીઓ-કર્મચારીઓને સોંપાયેલી જવાબદારી સભાનતાપૂર્વક નિભાવીને પરિણામલક્ષી બની રહે તેની ખાસ કાળજી રાખવા અનુરોધ કર્યો હતો.

ગુજરાતમાં ૩૮ મતદાન મથક પર ૧૦૦થી ઓછા મતદારો

૧૬૦૮૫ મતદાન મથકએ ૧૦૦૦ કરતા વધુ મતદારો ઉના તાલુકામાં બાણેજ ખાતે માત્ર એક મતદાર નોંધાયું

અમદાવાદ, તા.૨૬

આગામી લોકસભાની ચૂંટણી ૨૦૧૪માં રાજ્યમાં કુલ ૪૫૩૧૩ મતદાન મથકો ઉપર મતદાન યોજાશે. આ મતદાન મથકો ઉપર કુલ ૩.૯૮ કરોડ જેટલા મતદાતા તેમના મતાધિકારનો ઉપયોગ કરશે. મતદારો અને મતદાન મથકો વિશેના એક રસપ્રદ સર્વેક્ષણ અંગે ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારીએ જણાવ્યું છે કે, રાજ્યના કુલ મતદાન મથકો પૈકી જે મતદાન મથકોમાં ૧૦૦થી ઓછા મતદારો છે, તેવા રાજ્યમાં કુલ ૩૮ મતદાનમથકો છે જ્યારે રાજ્યમાં ૧૦૦૦થી વધુ મતદારો હોય તેવા મતદાનમથકોની સંખ્યા ૧૬૦૮૫ છે.

ગીર-સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં બાણેજ ખાતે માત્ર એક જ મતદાર છે, તલાબાના દેવાલીયા ખાતે માત્ર નવ મતદારો છે. સાપનેશ લીલીયા મતદાનમથક પર ૧૯ મતદારો, અમદાવાદ જિલ્લાના જમાલપુર-ખાડિયા વિધાનસભા મતવિસ્તારના રાયખડ મતદાનમથકમાં ૧૩ મતદારો છે. આ ઉપરાંત કચ્છ જિલ્લાના ૧૪ મતદાનમથકો એવા છે કે જ્યાં ૧૦૦ કરતા ઓછા મતદારો છે. આ તમામ મતદાનમથકો ઉપર મતદારો તેમના મતાધિકારનો સરળતાથી ઉપયોગ કરી શકે એ માટે ચૂંટણી તંત્ર દ્વારા પ્રયાપ્ત વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે.

ગત લોકસભાની સામાન્ય ચૂંટણીઓ ૨૦૦૯માં ગુજરાતમાં કુલ ૪૭.૮૯ ટકા મતદાન થયું હતું. જેમાં સૌથી વધુ ડેડિયાપાડા ખાતે ૭૩.૬૭ ટકા, જ્યારે સૌથી ઓછું રાપર ખાતે ૩૧.૮૯ ટકા મતદાન નોંધાયું હતું. આ ઉપરાંત, ગત લોકસભામાં ૫૨.૧૨ ટકા પુરૂષ મતદારો તથા ૪૩.૩૬ ટકા મહિલાઓએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ૨૦૧૪માં યોજાનારી લોકસભા અને વિધાનસભાની પેટાચૂંટણીમાં પ્રત્યેક મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરે અને લોકશાહી વ્યવસ્થામાં તેમનું અમુલ્ય આપે તે મજબુત લોકશાહીની નિશાની છે.

સાબરમતી પોલીસ સ્ટેશનમાં પડી રહેલ બિનજરૂરી વાહનોનો નિકાલ કરાશે

અમદાવાદ, તા.૨૬

સાબરમતી પોલીસ સ્ટેશનમાં એમ.વી. એકટ ૨૦૭, જી.પી. એકટ-૮૨.૨ તથા સી.આર.સી.-૧૦૨ મુજબના જુદા જુદા વાહનો પોલીસ સ્ટેશનમાં ઘણા લાંબા સમયથી બિન જરુરી હાલતમાં પડી રહ્યા છે. આ વાહનો અંગે આર.ટી.ઓ. રેકર્ડ ઉપર ખાત્રી કરતા ઘણા વાહનોના નંબરો ખોટા જણાયેલ છે.

આ વાહનો અંગે જાહેર જનતાએ વાહનોના એન્જીન નંબર તથા ચેસીસ નંબર પરથી જો કોઈ વાહન માલિકીનું હોય તો સાબરમતી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી છોડાવી જવા જણાવવામાં આવે છે. આ વાહનો બાબતે કોઈ માલિક જણાઈ આવશે નહીં તો સરકારના ધારા ધોરણો મુજબ જાહેર હરાજી કરવામાં આવશે જેની નોંધ લેવા સાબરમતી પોલીસ ઈન્સ્પેકટરની યાદીમાં જણાવાયું છે.

ચાંગોદર નજીક અકસ્માત બાદ ઈજાગ્રસ્ત થયેલા વિદ્યાર્થીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

ઓછા મતદાનવાળા મથકો પર ધ્યાન આપવાની તૈયારી

અમદાવાદ, તા.૨૬

લોકસભાની સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૪ અને વિધાનસભાની સાત બેઠકોની પેટાચૂંટણીમાં મતદારો મોટા પ્રમાણમાં મતદાન કરી લોકશાહીની પ્રક્રિયામાં તેમનું અમુલ્ય યોગદાન આપે તે બાબતને લક્ષમાં રાખીને ગુજરાતના ચૂંટણી તંત્ર દ્વારા સતત અને સઘન પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મતદારો કોઈપણ પ્રકારના પ્રલોભન કે પ્રભાવમાં આવ્યા વગર નિર્ભયતાથી પારદર્શક વાતાવરણમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરે તે માટે ચૂંટણી તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. ગુજરાતમાં ગત લોકસભાની સામાન્ય ચૂંટણી ૨૦૦૯માં જે મતદાન મથકોમાં ઓછું મતદાન થયું છે, તેવા કુલ મતદાન મથકોના લગભગ ૧૦ ટકા જેટલા એટલે કે ૪૫૧૫ જેટલા મતદાન મથકોને અલગ તારવીને આવા વિસ્તારોમાં મતદાર જાગૃતિ માટે ચૂંટણી તંત્ર દ્વારા વિશેષ અભિયાન ચલાવાયું છે. ભારતના ચૂંટણી પંચના માર્ગદર્શન તથા ખાસ સૂચના અનુસાર ગુજરાતમાં ઓછું મતદાન થયું હોય એવા વિસ્તારોના મતદાનમથકોની એક સૂચિ તૈયાર કરવામાં આવી છે જે મતવિસ્તારોમાં ઓછું મતદાન થયું છે તે મતદાન મથકોપર આગામી લોકસભાની ચૂંટણીમાં મતદાન વધે તે માટે સ્વીપ અંતર્ગત મતદાન જનજાગૃતિના વિવિધ કાર્યક્રમો અસરકારક રીતે યોજવામાં આવી રહ્યા છે. શેરી નાટક, ડાયર, રેલી, હોડીગ્સ-બેનર્સ રેડીયો-ટીવી, ફેસબુક, યુ-ટ્યુબ વિગેરે સોશિય મીડિયાના માધ્યમથી મતદારોને મતદાન માટે પ્રેરવાનું પાયાનું કાર્ય ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યું છે. વર્ષ ૨૦૦૯ની લોકસભાની સામાન્ય ચૂંટણીમાં સૌથી ઓછું મતદાન રાપર મતદાન વિભાગમાં ૩૧.૮૯ ટકા, જ્યારે મહુધામાં ૩૫.૨૫ ટકા, સાવરકુંડલામાં ૩૬.૮૩ ટકા, ગારીયાધાર ૩૭.૧૩ ટકા, ગરબાડામાં ૩૭.૯૫ ટકા, દસાડા ૩૭.૯૬ ટકા, મોરબી ૩૮.૪૨ ટકા, દહેગામ ૩૮.૬૧ ટકા, વટવા ૩૮.૩૮ ટકા, કાંકરેજમાં ૩૮.૮૭ રાજકોટ ગ્રામ્ય ૩૯.૪૨ ટકા જેટલું મતદાન થયું હતું.

પોણા છ કિલો ચરસની સાથે મહિલા સહિત ત્રણ ઝડપાયા

અમદાવાદ, તા.૨૬

છેલ્લા કેટલાક સમયથી સૌરાષ્ટ્રમાં નશીલા દ્રવ્યોની હેરાફેરી કરતી ગેંગના ત્રણ લોકોને એનસીબીએ પકડી પાડી અંદાજે પોણા છ કિલો ચરસનો જથ્થો કબ્જે કરવામાં સફળતા મળી છે. પકડાયેલા પોણા છ કિલોના ચરસના જથ્થાની બજાર કિંમત ૪૦ લાખની આસપાસ છે. અમદાવાદ નાર્કોટીક્સ કંટ્રોલ બ્યૂરોએ જૂનાગઢના અલ્લારખા ઉર્ફે બોડુભાઈ સરગાસીયા તથા સૈયદ જફરશા રજાકમિયા તથા તેની પત્ની સૈયદ નગમાબાનુ જફરશાની ધરપકડ કરી છે. એનસીબીએ પકડેલા ત્રણેય આરોપીઓ છેલ્લા ઘણા સમયથી સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં નશીલા દ્રવ્યોની હેરફેર કરતા હતા. એનસીબીએ આરોપીઓની ધરપકડ બાદ કડક પૂછપરછ હાથ ધરી હતી. તેમજ ચરસનો જથ્થો ક્યાંથી લવાયો હતો અને કોને પહોંચાડવાનો હતો તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. અત્રે ઉલ્લેખનીય બાબત છે કે આવનારી લોકસભાની ચૂંટણીના રણસિંઘ વાગી ચૂક્યા છે ત્યારે એક તરફ રાજકારણીઓ ચૂંટણીની દોડ માટે તૈયાર થઈ ગયા છે ત્યારે બીજી તરફ શહેરની પોલીસ પણ હવે કામે લાગી ગઈ હોય તેવું લાગી રહ્યું છે. અત્યાર સુધી પોલીસ ખાતું જ કામે લાગ્યું હતું. પરંતુ હવે લાગે છે કે આજથી એજન્સીઓ પણ ચૂંટણીના કામે લાગી ગયા છે. આજે નાર્કોટીક્સ કંટ્રોલ બ્યૂરોએ અમદાવાદના શાહિબાગ વિસ્તારમાંથી બાતમીના આધારે એક લક્ઝરી બસની અંદરથી પોણા છ કિલોના ચરસના જથ્થા સાથે મહિલા સહિત ત્રણ લોકોની ધરપકડ કરી છે. અત્રે નોંધનીય બાબત છે કે ૮મી માર્ચના રોજ પણ નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરોના અદિકારીએ નશીલા દ્રવ્યો સાથે એકની ધરપકડ કરી હતી. તે દરમ્યાન અંદાજે એક કરોડનો જંગી નશીલા દ્રવ્યોનો જથ્થો કબ્જે કરવામાં સફળતા મળી હતી જ્યારે આજે નાર્કોટીક્સ વિભાગે ઘણા સમયથી નશીલા દ્રવ્યોની હેરફેર કરવામાં સક્રિય ગેંગના મહિલા સહિતના ત્રણ લોકોને પકડવામાં મોટી સફળતા મળી છે.

શનિવારે 'નવોન્મેષ'માં સનદી અધિકારીઓની મુલાકાતોના પુસ્તક 'લક્ષ્યવેધ'નો લોકાર્પણવિધિ

વલ્લભ વિદ્યાનગર, ૨૬

ગુજરાતના સૌથી વિશાળ વિદ્યાસંકુલ ચારુતર વિદ્યામંડળ (સીવીએમ)ના એચ.એમ.પટેલ કરિયર ડેવલપમેન્ટ સેન્ટર (સીડીસી) અને સીવીએમ આઈએએસ એકેડેમીના ઉપક્રમે, શનિવાર, ૨૯ માર્ચે સવારના ૧૦:૩૦થી સાંજના ૫ કલાક દરમિયાન વલ્લભ વિદ્યાનગરસ્થિત બીવીએમ ઑડિટોરિયમ ખાતે યોજાનાર 'નવોન્મેષ' કાર્યક્રમના ઉદ્‌ઘાટન સત્રમાં રાજકોટના વરિષ્ઠ પત્રકાર શ્રી હેમેન ભટ્ટે રાજ્યના ૪૬ જેટલા આઈએએસ, આઈપીએસ સહિતના અધિકારીઓની લીધેલી મુલાકાતોના સંગ્રહ અને કલગી પ્રકાશનના પુસ્તક 'લક્ષ્યવેધ'નું લોકાર્પણ કરવામાં આવશે. સમારંભના અધ્યક્ષસ્થાને સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ અને અતિથિ વિશેષ તરીકે ગુજરાત સરકારના મુખ્ય સચિવ રહેલા શ્રી પ્રવીણ ક.લહેરી ઉપસ્થિત રહેશે. આણંદના પ્રાંત અધિકારી શ્રી ભરત પટેલ, જીએએસ, તેમ જ લેખક શ્રી હેમેન ભટ્ટ તથા ગુજરાત સરકારની સંસ્થા સ્પીપાના સંયુક્ત નિયામક અને રાજ્ય સરકારના સંયુક્ત સચિવ રહેલા શ્રી જે.એમ.આચાર્ય પણ આ પ્રસંગે હાજર રહેશે.

ગુજરાતના વધુ ને વધુ વિદ્યાર્થીઓ યુપીએસસી અને જીપીએસસી સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સહભાગી થઈને મહત્વના સરકારી હોદ્દાઓ પર પહોંચે એવી અપેક્ષાસહ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે અભિમુખતા કાર્યક્રમ 'નવોન્મેષ'ને લીલી ઝંડી આપી હતી, એવું સીડીસી અને આઈએએસ એકેડેમીના નિયામક ડૉ.હરિ દેસાઈએ જણાવ્યું હતું.

વલ્લભ વિદ્યાનગરસ્થિત સીડીસીમાં 'નવોન્મેષ' માટે અગાઉથી નોંધાયેલા વિદ્યાર્થીઓ એક દિવસીય અભિમુખતા કાર્યક્રમમાં સહભાગી થઈ શકશે. ઉદ્‌ઘાટન સત્ર પછીનાં ત્રણ સત્રોમાં વિભાજિત 'નવોન્મેષ'ના

નવતર ઉપક્રમમાં રાજ્યના નિવૃત્ત અને સેવારત અધિકારીઓ અને ચારુતર વિદ્યામંડળના હોદ્દેદારો તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

ભોજનપૂર્વે પ્રશ્નોત્તરનું સત્ર સીવીએમના માનદ સહમંત્રી શ્રી વી.એમ.પટેલની અધ્યક્ષતામાં યોજાશે. આ સત્રમાં સ્પીપાના આઈએએસ તાલીમ કેન્દ્રના પ્રભારી રહેલા સંયુક્ત નિયામક અને સરકારના સંયુક્ત સચિવ રહેલા શ્રી જે.એમ.આચાર્ય ઉપરાંત ધોળકાના સહાયક કલેક્ટર શ્રી સૌરભ પારઘી, આઈએએસ, વડોદરા ગ્રામીણનાં સહાયક જિલ્લા પોલીસ અધીક્ષક ડૉ.લીના પાટીલ, આઈપીએસ અને આણંદના સહાયક કલેક્ટર શ્રી ગૌરાંગ મકવાણા, આઈએએસ, પૅનલિસ્ટ તરીકે વિદ્યાર્થીઓના પ્રશ્નોના ઉત્તર આપીને તેમનું માર્ગદર્શન કરશે.

ભોજન પછીનું બ્રેઈન સ્ટોર્મિંગ સત્ર સીવીએમના માનદ કાર્યકારી મંત્રી ડૉ.જે.ડી.પટેલની અધ્યક્ષતામાં યોજાશે. ગુજરાત અને મુંબઈના મુખ્ય કસ્ટમ કલેક્ટર રહેલા શ્રી બકુલ બક્ષી, આઈઆરએસ (નિવૃત્ત), ખેડા જિલ્લાના અધિક કલેક્ટર શ્રી એસ.કે.લાંગા, જીએએસ, તેમ જ ગુજરાત સરકારના સ્ટેમ્પ ડ્યૂટીના અધિક કલેક્ટર શ્રી રમેશ મેરજા, જીએએસ, માર્ગદર્શક વક્તવ્યો આપશે. ચાના વિરામ પછીના સમાપનસત્રના અધ્યક્ષસ્થાને ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પિ.એસ.એમ.પટેલ રહેશે. વક્તાઓતરીકે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ રહેલા ડૉ.નરેશ વેદ અને જાણીતા સમાજશાસ્ત્રી ડૉ.ગૌરાંગ જાની ઉપસ્થિત રહેશે.

શબ્દાવલી - ૫૩૪૯

	૧	૨		૩		૪	૫
૬			■	૭	૮		
■	૯		■	૧૦		■	
૧૧		■	૧૨				■
	■	૧૩		■		■	૧૪
૧૫			૧૬	■	■	૧૭	
	■	૧૮		૧૯	૨૦		■
૨૧			■	૨૨			

આડી ચાવી

૧. ઉત્પત્તિ, દેહધારણ (૪)
૪. પાતક (૨)
૬. કજરા, મેશ (૩)
૭. કોઇ પણ ફરસા સ્વાદવાળી વાનગી (૪)
૯. ખાટલામાં... ભરાય, પાટી (૨)
૧૦. મુગટ (૨)
૧૧. મોટા વાસણમાંથી ઘી-તેલ કાઢવાનું લોઢાનું સાધન (૨)
૧૨. ઝરણું, પ્રવાહ (૪)
૧૫. બીજીવાર લગ્ન કરતો હોય તેવો પુરૂષ (૪)
૧૭. ખોડ-ખાંપણ (૨)
૧૮. ટમટમીયું, ધીમા પ્રકાશની લાઇટ (૫)
૨૧. એક ખાતરનું નામ (૩)
૨૨. માંકડ (૪)

ઊભી ચાવી

૧. ઉજાસવાળી, અંધારી...(૪)
૨. વર્તન, વર્તાવ (૩)
૩. તેજ ગતિ (૪)
૪. જુગટુ રમવાની સોગઠી(૨)
૫. બાણ મારવા માટે કામઠાની જે દોરી હોય તે (૩)
૮. રાજાઇ ઠાઠવાળુ (૪)
૧૧. કવર, કાગળની કોથળી(૫)
૧૪. ગોળો, પૃથ્વીનો ગોળો(૨)
૧૬. દારૂની એક જાત (૨)
૧૭. અણુપદાર્થ (૩)
૧૯. સો હજાર (૨)
૨૦. ચણતરનું વપરાતું માટીનું ચોસલું (૨)

શબ્દાવલી ૫૩૪૮ના જવાબ

આડી ચાવી :- (૧) પરમીર (૪) માકડ (૭) લઇ (૮) બદનશીબ (૯) કસબી (૧૧) શક (૧૨) માનસીક (૧૫) રઝર (૧૭) જડી (૧૮) મામા (૧૯) નયા (૨૦) ડોલચુ (૨૨) કામીની (૨૫) ડાળખી (૨૬) નામઠામ

ઊભી ચાવી :- (૧) પલકવારમાં (૨) રઇસ (૩) ટબ (૪) માન (૫) કશીશ (૬) ઝકડાયેા (૧૦) બીમાર (૧૩) સીજન (૧૪) કડીયાકામ (૧૬) ડામાડોળ (૨૧) લખી (૨૩) મીઠા (૨૪) નીમ

નિરીક્ષકો નિમાયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉમેદવારોના ખર્ચને લઈ નજર રાખશે. ગાંધીનગર સંસદીય મતવિસ્તાર માટે સામાન્ય નિરીક્ષક તરીકે શ્રી વિનોદ અજમેરાની નિયુક્તી કરવામાં આવી છે. તેઓ રાજસ્થાન સરકારમાં અગ્રસચિવનો હોદ્દો ધરાવે છે. તેઓ આચારસંહિતાના અમલ સહિતની બાબતો જોશે. જ્યારે કાયદો અને વ્યવસ્થા માટે રાજસ્થાનના જ સિનીયર આઈપીએસ અધિકારી શ્રી સૌરભ શ્રીવાસ્તવની નિયુક્તી કરવામાં આવી છે.

મહેસાણા સંસદીય મતવિસ્તાર સાથે સંકળાયેલ માણસા વિધાનસભા મતવિસ્તારમાં ખર્ચ માટે શ્રી રાજીવકુમાર મિશ્રા જે ઉત્તરપ્રદેશ કેડરના અધિકારી છે તેમની નિયુક્તી કરવામાં આવી છે જ્યારે સામાન્ય નિરીક્ષક તરીકે શ્રી સુધીર શ્રીવાસ્તવની નિયુક્તી કરવામાં આવી છે.

અમદાવાદ પૂર્વ સંસદીય મત વિસ્તાર સાથે સંકળાયેલ ગાંધીનગર (દ) અને દહેગામ વિધાનસભા મતવિસ્તાર માટે ખર્ચ ઓબ્ઝર્વર તરીકે શ્રી પંકજ સિંઘાનિયાની નિયુક્તી કરવામાં આવી છે. જ્યારે જનરલ ઓબ્ઝર્વર તરીકે શ્રી લલિત મહેરાની નિયુક્તી કરવામાં આવી છે.

ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત થયેલા નિરીક્ષકો ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થયાના બે દિવસમાં આવી પહોંચશે. મળતી વિગતો પ્રમાણે પહેલા જનરલ ઓબ્ઝર્વર આવશે જ્યારે ઉમેદવારી પત્ર ભરવાના બે-ત્રણ દિવસ બાકી હશે ત્યારે ખર્ચના નિરીક્ષકો આવી પહોંચશે. ચૂંટણીની તૈયારીઓ તંત્ર દ્વારા હાલ મિશન મોડ પર ચાલી રહી છે.

૯૩ ફરિયાદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જણાવ્યું છે કે અત્યાર સુધીમાં કુલ ૯૩ ફરિયાદો મળી છે. આ પૈકી ૬૩ ફરિયાદોનો નિકાલ થઈ ગયો છે અને ૩૦ ફરિયાદો જિલ્લા ચૂંટણી અધિકારીઓને નિકાલની યોગ્ય કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવી છે, જેમાં સૌથી વધુ કુલ ૧૭ ફરિયાદો કચ્છ જિલ્લામાંથી પ્રાપ્ત થઈ છે.

આચારસંહિતા ભંગની મળેલી ફરિયાદો પૈકી ભારતીય જનતા પક્ષ દ્વારા કુલ છ ફરિયાદો મળી છે. જે પૈકી બે ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે, અને બાકીની ચાર પૈકી ત્રણ ફરિયાદો ચૂંટણી પંચ, નવી દિલ્હીને મોકલી આપવામાં આવી છે જ્યારે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ તરફથી કુલ ૨૩ ફરિયાદો મળી છે. જેમાંથી ૧૯ ફરિયાદોનો નિકાલ થઈ ગયો છે અને ચાર ફરિયાદો નિર્ણયની પ્રક્રિયામાં છે. અન્ય રાજકીય પક્ષો દ્વારા ત્રણ ફરિયાદો પ્રાપ્ત થઈ છે જે પૈકી એક ફરિયાદનો નિકાલ થઈ ગયો છે જ્યારે બે ફરિયાદ નિર્ણયની પ્રક્રિયામાં છે અન્ય સાન્ય પ્રકારની ૬૧ ફરિયાદો મળી છે. જે પૈકી ૪૧ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે. ૨૦ ફરિયાદો નિર્ણય લઈ નિકાલ કરવાની પ્રક્રિયામાં છે.

આદર્શ આચારસંહિતા ભંગની મળેલી ફરિયાદો પૈકી જિલ્લાવાર વિગતો આપતાં મુખ્ય નિર્વાચન અધિકારીની યાદીમાં જણાવાયું છે કે કુલ મળેલી ૯૩ ફરિયાદો પૈકી સૌથી વધુ ૧૭ ફરિયાદો કચ્છ જિલ્લામાંથી આવી છે. જ્યારે બનાસકાંઠામાં ૧૧, રાજકોટ અને નવસારીમાં ૬-૬, મહેસાણા-ગાંધીનગર, ભરૂચ, વડોદરા, તાપી જિલ્લામાં ૫-૫, અમદાવાદ-દાહોદ જિલ્લામાં ૪-૪, ફરિયાદો મળી છે.

ભારે રોષ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધ્યાનમાં રાખીને કોંગ્રેસે અમદાવાદના પૂર્વ મેયર હિંમતસિંહ પટેલને આ બેઠક પર પરેશ રાવલ સામે મેદાનમાં ઉતાર્યા છે.

જો કે હિંમતસિંહ પટેલ અગાઉ બે વાર વિધાનસભા ચૂંટણીમાં હાર્યા હોવા છતાં કોંગ્રેસ નેતાગીરીએ હિંમતસિંહ પટેલને લોકસભાની ટીકીટ આપતાં સ્થાનિક કોંગ્રેસ કાર્યકરોમાં હિંમતસિંહ સામે વિરોધનો વંટોળ ઉઠવા પામ્યો છે.

કોંગ્રેસે જાહેર કરેલા ઉમેદવારો પૈકી અમદાવાદ પૂર્વ, બનાસકાંઠા, કચ્છ સહીત કેટલીક બેઠકો પર કોંગ્રેસના સત્તાવાર ઉમેદવારો સામે સ્થાનિક કાર્યકરો આગેવાનોમાં નારાજગી સાથે વિરોધ ઉઠવા પામ્યો છે. અને આ બેઠકો પર જાહેર કરેલા ઉમેદવારોને બદલવા માટે માંગણીઓ પણ ઉઠવા પામી છે. જો કે કોંગ્રેસ મોવડીમંડળે આ વિરોધ સામે નહીં ઝુકવા અને ઉમેદવારો નહીં બદલવા માટેનો સ્પષ્ટ સંકેત નારાજ આગેવાનોને આપી દીધો હોવાનું કોંગ્રેસ પક્ષમાં ચર્ચાઈ રહ્યું છે.

લોકસભા બેઠકો પર ઉમેદવારો સામે ઉઠેલા વિરોધને જોતા કોંગ્રેસે વિધાનસભાની સાત બેઠકોના ઉમેદવારોની પસંદગી કરવાનું મન બનાવ્યું હોવાનું જાણવા મળે છે.

કોંગ્રેસે વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે અમદાવાદ શહેર કોંગ્રેસના કેટલાક આગેવાનો પ્રદેશ નેતાગીરી સમક્ષ રજુઆતો કરનાર છે.

કોટ પહેરવાથી મુક્તિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમય દરમિયાન મુક્તિ આપવા માટે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટને થયેલ રજુઆત અનુસંધાને ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૩૫ તથા ક્રિમીનલ મેન્યુઅલ ૧૯૭૭ અનુસાર ખાસ ગુજરાત હીકોર્ટના તા. ૧૮-૩-૨૦૦૯ના નોટીફીકેશન દ્વારા ઉનાળાના સમય દરમિયાન એટલે કે તા. ૧ એપ્રિલથી તા. ૩૧મી જુલાઈ સુધી નીચલી અદાલતો, સેશન્સ તથા જિલ્લા અદાલતોમાં કાળો કોટ પહેરવામાંથી મુક્તિ આપવામાં આવેલ અને આ સમય દરમ્યાન ધારાશાસ્ત્રીઓએ સફેદ શર્ટ, સફેદ કોલર્સ સાથે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના લોગો સાથેની કાળી ટાઈ પહેરવી તેવો નવો સુધારો કરવામાં આવેલ અને ગુજરાતની તમામ નીચલી અદાલતો, સેશન્સ તતા જિલ્લા અદાલતોમાં તા. ૧લી એપ્રિલથી તા. ૩૧ થી જુલાઈ સુધી ગુજરાતના તમામ ધારાશાસ્ત્રીઓને આ નિયમ મુજબ મુક્તિ મળેલ છે તેમજ બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા આ સમયગાળા દરમિયાન ધારાશાસ્ત્રીઓ માટે ખાસ પ્રકારના બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના લોગોવાળો ટાઈ બનાવવામાં આવે છે અને ધારાશાસ્ત્રીઓને જરૂરીયાત મુજબની ટાઈ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ઓફિસેથી મળવાપાત્ર રહેશે.

મતદાન થયું હતું

● અનુસંધાન પહેલાનું ચાલુ

૩૬.૮૩ ટકા, ગારીયાધાર ૩૭૧૩. ટકા, ગરબાડામાં ૩૭.૯૫ ટકા, દસાડા ૩૭.૯૬ ટકા, મોરબી ૩૮.૧૭ ટકા, દહેગામ ૩૮.૬૧ ટકા, વટવા ૩૮.૩૮ ટકા, કાંકરેજમાં ૩૮.૮૭ ટકા, રાજકોટ ગ્રામ્ય ૩૯.૪૨ ટકા જેટલું મતદાન થયું હતું.

આ પ્રકારના ઓછા મતદાન ધરાવતા ૩૩ જેટલા મતવિસ્તારોમાં ભારતનાં ચૂંટણી પંચની ખાસ સૂચના અન્વયે રાજ્યનાં મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરીના માર્ગદર્શન અનુસાર જિલ્લા ચૂંટણી અધિકારીઓ દ્વારા મતદાર જાગૃતિ માટે પપેટ શો, મતદાર શિક્ષણ, મોબાઈલ વાન, પ્રદર્શન, શેરી નાટકો, મહિલા મતદાર રેલી વગેરે જેવા વિશેષ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યાં છે જે મતદાનની સરેરાશ ટકાવારી વધારવામાં નિઃસંદેહપણે સહાયભૂત થશે એમ યાદીમાં વધુમાં જણાવાયું છે.

ટચૂકડી જાહેર ખબર

મેડીકલેઈમ

● આપના કુટુંબનો મેડીકલેઈમ વીમો ઉતરાવો અને હોસ્પિટલના મોટા ખર્ચાઓ સામે રક્ષણ મેળવો.
● એસઆઈપીમાં માસિક બચત કરો અને આપનું ભવિષ્ય સુરક્ષિત કરો.
પાન કાર્ડ ઘરે બેઠા માત્ર રૂ. ૨૦૦
મો. : ૯૯૨૪૪૪૬૬૪૫